વર્નાક્યુલર ટેક્સ્ટ બુક્સ રીવિઝન કમિટીએ સુધારેલી


गुजराती बीजी चोपडीना अर्थ.

બનાવનાર તથા પ્રસિદ્ધ કરનાર

ડાહ્યાભાઈ જગજીવનદાસ.

નવી સુધારેલી આવૃત્તિ ૧ લી.

(સને ૧૮૬૭ ના ૨૫ મા આક્ટ પ્રમાણે નોંધાવી છે).



કીમત ૩ આના.

મુંબઈ:

"તત્ત્વવિવેચક" પ્રેસ.

સને ૧૯૧૩.

गुजराती बीजी चोपडीना अर्थ.

भाग १ लो.

પાઠ ૧ લો.

પરમેશ્વર—ઇશ્વર.
બધું—સઘળું.
કીધું—બનાવ્યું.
કડીઆ—ઘર ચણનાર.
વટેમાર્ગુ—રસ્તે જનાર
ઓસરી—ઘરનો આગળનો ભાગ જેની ઉપર છાપરૂં હોય તે.
પાધર—સપાટ.
ભક્તિ—પરમેશ્વરનું ભજન કરવું તે.
ધર્મશાળા—મુસાફરને ઉતરવાની જગા.
પૃથ્વી—જમીન.
મેજ—ટેબલ.
સુતાર—લાકડાં ઘડનાર.
મકાન—ઘર.
મજુર—કામ કરનાર.
મઘમઘે—બહેકે.
વાસ—સોરમ.
કામમાં—ખપમાં.
ઘોર—બીહામણું.
ગગન—આકાશ.
તારા—ચાંદરણાં.
ઝગઝગે—ચકચકે, ચળકે.
ઉજાસ—પ્રકાશ.
સરજ્યાં—બનાવ્યાં.
કળાતું—સમજાતું.
દયાળુ—દયાવાળા.
હોંશીયાર—ચાલાક.
પાડ—ઉપકાર.
દરરોજ—હમેશાં.

પાઠ ૨ જો.

સવાર—પ્રભાત.
વર્ણન—બયાન.
ગવૈયા—ગાનારા.
મધુર—મીઠું.
પંખેરૂ—પક્ષીઓ.
ભમર—ભમરો.
મુલ્લાં—મુસલમાનનો ધરમ ગુરૂ.
તૂલ—છોડપરના દાણા, વાવેતર.
અંધકાર—અંધારૂં.
મુજ—મારા.
બાળ—બાળક, નાના છોકરા.
વન—જંગલ.
વાણું વાયું—સવાર થઈ.
વીતી—પૂરી થઈ.
ઝગઝગાટ—ચળકાટ, ઉજાસ.
દીસે—દેખાય.
ભાત ભાત—જુદી જુદી જાતના.
ડોલે—હાલે.
ફુટડા—રૂપાળા.
તેજ—અજવાળું.
ફીકું—ઝાંખું
ખુણા ખાંચા—ઓથાવાળી જગો.
ખોળે—શોધે.
જનો—માણસો.
ધ્યાન ધરે—આંખો મીંચી પરમેશ્વરને જુએ.
ગાન—ગાયન.
દાતા—ગરીબોને આપનાર માણસ.
દાન—ગરીબોને અનાજ પૈસા વિગેરે આપવું તે.

બાંગ બોલે—મોટે સાદે પ્રભુનું નામ લે.	પત્ર—પાંદડાં.	વીરા—ભાઈ.
ઉદય થયો—ઉગ્યો.	ખોલે ઉઘાડે.	મગન—ખુશી.
ગુંગું—ગણગણાટ.	ઉમંગી—હોંશીલા.	ધ્યાન—ચીત્ત, મન.
	ધાય—ઉડે, દોડે.	માત—મા.

કવિતાની સમજુતી. (૧).

અન્વય—રાતવીતી, વા'ણું વાયું. (અને) પૂર્વે ઝગઝગાટ થયો, (તેથી) ભાત ભાત રંગ દીસે. (છે અને) ઝાડ પાન ડોલે (માટે) મારા વા'લા બાળ (તું) જાગ, પંખી વન બોલે.

અર્થ—રાત પૂરી થઇને સવાર થઈ પૂર્વ દિશામાં ચળકાટ થયો છે તેથી જુદી જુદી જાતના રંગ દેખાય છે, અને ઝાડો ને પાંદડાં ડોલે છે માટે હે મારા વહાલા બાળક તું જાગ, જો જંગલમાં પક્ષી બોલે છે.

(૨)

અન્વય—કુકડા કુકરે કૂક, (અને) કાગડા કા કા કરે, ફુટડા મેના પોપટ (ને) મોર મધુર બોલે છે.

અર્થ—કુકડા કુકરે કૂક અને કાગડા કા કા કરે છે અને રૂપાળા મેના પોપટ અને મોર મીઠા બોલ બોલે છે. માટે હે મારા વહાલા.

(૩)

અન્વય—ચંદ્ર તેજ ફીકું પડયું, તારા તેજ ઊડી ગયું (ને) ચોર મોંહું કાળું થયું (કે તે) ખુણા ખાંચા ખોળે.

અર્થ—ચંદ્રમાનું અજવાળું ઝાંખું થયું તારાનો ચળકાટ દેખાવો બંધ થઈ ગયો. અને ચોર લોકો અજવાળું થવાથી ખૂણે ખાંચે ઓથાવાળી સંતાવાની જગા શોધવા લાગ્યા છે. માટે હે મારા વહાલા.

(૪)

અન્વય—ભક્ત જનો ધ્યાન ધરે, ગવેયાઓ ગાન કરે, દાતા રૂડું દાન દીએ (અને) મુલ્લાં બાંગ બોલે.

અર્થ—પ્રભુના ભક્ત માણસો પ્રભુમાં ચિત્ત લગાડે, ગાનારા ગાય, પરોપકારી માણસ દાન આપે અને મુસલમાનોના ધર્મગુરૂ મસીદ ઉપર ચઢી મોટે સાદે અલ્લાનું નામ પોકારે છે. માટે હે મારા વહાલા.

(૫)

અન્વય—સુરજ તણો ઉદય થયો (તેથી) રાતનો અંધકાર ગયો. ભ્રમર ગુંગું કરે (અને) કમળ પત્ર ખોલે.

અર્થ—સુરજ ઉગ્યો તેથી કરી રાતનું અંધારૂં જતું રહ્યું અને ભમરાઓ ગુંગું અવાજ કરવા લાગ્યા, અને કમળોએ પોતાનાં પાંદડાં બીડેલાં હતાં તે ઉઘાડ્યાં માટે હે મારા વહાલા.

(૬)

અન્વય—જેમ તડકો વધતો જાય, (તેમ) માણુસો ઉમંગી થાય, આકાશે પંખેરૂ ધાય (અને) ઢોર ચારો ખોળે

અર્થ—જેમ જેમ સુરજનું અજવાળું વધારે વધારે પડતું જાય તેમ તેમ માણસો હોંશીલા થાય, ગગનમાં પક્ષીઓ ઉડા ઉડ કરે અને ઢોરો (પશુઓ) ચારો શોધવા લાગ્યાં માટે હે મારા વહાલા.

(૭)

અન્વય—ઝાડ, વેલી, ફળ ને ફૂલ, (એ) ધીમે ખીલે (એમાં) ભૂલ નહિ, પક્ષી બહુ ટોળે (મળી) તાજાં તૂલ ખાવા જાય.

અર્થ—ઝાડ, વેલા, ફળને ફૂલ, બધાં ભુલ વગર ધીમે ધીમે ફળે અને બધાં પક્ષી એકઠાં થઈ વાવેતરમાં તાજુ ખાવાનું ખાવા જાય, માટે હે મારા.

(૮)

અન્વય—(હે) વીરા મગન થઈ પ્રભુ કેરૂ નામ લઈ ઉઠ, (અને) ધ્યાન દઈ પાઠ વાચ્ય, એમ માત બોલે.

અર્થ—હે ભાઈ! તું હસતો રમતો પરમેશ્વરનું નામ દેતો દેતો ઉઠ, તારો પાઠ મન દઈને વાંચ એવી રીતે મા કહેછે. માટે હે મારા વહાલા.

પાઠ ૩ જો.

ઋતુ—મોસમ.
મહીના-માસ.
ઉતરાણ મકર સંક્રાંત-નો તેહેવાર.
તિથિ-મહીનાના દરેક દિવસને તિથિ કહેછે.
પર્વ—તેહેવાર. [તે દિવસ.
પુનમ—પૂરેપૂરો ચાંદોઉગે
શ્રાવણ—ચોમાસાનો બીજો મહિનો અને વર્ષનો દશમો.
કારતકી—કારતક મહીનાથી શરૂ થતા.
પખવાડીઆં-મહીનાના બે ભાગ.
વસ્ત્ર-લુગડું
કાલે—આવતે દહાડે.
કેમ—શા માટે.
ટાઢ—ઠંડી.
પતંગ—કનકવા
ઉડાડે—ચગાવે. [સમની.
શિઆળાની—ટાઢની મો-
રત—મોસમ.
ગરમ—હુંફાળાં.
હોળી—હુતાશની, ફાગણ મહિનાની પૂનમને દિવસે લાકડાં ગોઠવી સળગાવવાનો તેહેવાર.
ઉનાળામાં—ગરમીની મોસમમાં.
અમાસ—મહીનાનો છેલ્લો દિવસ. [થી.
પડવાથી—પહેલી તિથિ-
લેખે—હિસાબે.
શીખંડ—દહીંમાં ખાંડ નાંખી બનાવેલી ખાવાની વસ્તુ.
પંખા—વીંજણા.
બળેવ—જનોઈ પહેરવાનો દિવસ. [દિવસ.
દસેરા—સમીવૃક્ષપૂજવાનો
દિવાળી-વરસનો છેલ્લો દિવસ.

પાઠ ૪ થો.

મેળો—મેદની.
વખુટા—જુદા.
બહેક બહેક—સારીવાસ આવવી તે.
મદારીઓ—તમાસગીર.
સુખડીઆ—કંદોઈ, મીઠાઈબનાવનાર [નાર.
સરૈયા—સુગંધી વસ્તુવેચ-
દ્રાક્ષ—એક જાતનો મેવો.
ગોકળ આઠમ—કૃષ્ણનો જન્મ દિવસ.
કડકડતાં—અવાજ કરતાં.
કપડાં—લુગડાં.
ભાઇબંધ-દોસ્તદાર.
બજારમાં—ચૌટામાં.
ભારે—ઘણીજ.
ઠઠ—જમાવ.
હારબંધ—એક પછી એક.
છેડેથી—બાજુથી.
કંસારાની—ધાતુનાં વાસણ બનાવનારની.
હાટ—દુકાનો.
મિઠાઈ-સુખડી. મિઠાશવાળો ખોરાક.
ખડકેલી—સીંચેલી.
ખરાદી—લાકડાનાં રમકડાં ઉતારનાર.
પલંગ—ઢોલીઆ.
કોચ—બે બાજુ તકીયાવાળો પલંગ.
પુષ્કળ—વધારે. [નાર
કાપડીઆ-લુગડાં વેચ-
દીઠી જોઈ. [જાતનું.
ભાતભાતનું—જુદી જુદી
અંજીર—એકજાતનો મેવો
નારંગી—એક જાતનું લીંબુ જેવું ફળ.
સંતરાં—એકજાતનોમેવો.
ચોગાનમાં — પાધરમાં, મોટી ખુલ્લી જગામાં.
ખેલ—રમત.
સિપાઇઓ—ચોકીદારો.

સવારો—ઘોડા ઉપર બેશી ફરનારા ચોકી દારો.
ફુદડી—ચકરડી.
હરખ—આનંદ.
માય સમાય.

પાઠ ૫ મો.

સોબત—સંગત.
શેખી—ફીસીઆરી.
દોસ્ત—ભાઇબંધ.
લોહી લોહાણુ—ઘણુ લોહીવાળુ.
ભાગ્યશાળી—નશીબદાર.
ઠીકરૂં - માટીના ફુટેલા વાસણનો કકડો.
કૂકડ- કૂકડો.
નિશાન -એંધાણુ.
સજજડ—મજબૂત.
પ્રેમ-હેત. પ્યાર.
પટેલ—ગામનો ઉપરી.
પાસે—નજીક.
મજા—ગમ્મત.
પારકા બીજાનાં.
સમજાવીને — પટાવીને, ફોસલાવીને.
ઝાંપો — કાંટાનું બારણું, લાકડાનો દરવાજો.
અંદર—માંહે.
આઘો—દૂર. છેટે.
ખાસાં—મજાનાં.
તાકીને—ધારીને.
લૂમ—ઝુમખાં.
ઘાટ ઉપાય, રસ્તો.
રાસ—દોરડું.
જોરથી—બળવડે.
પછવાડેથી—પાછળથી.
રખેવાળ—સાચવનાર.
ઝપાટો—સપાટો.
રોતોરોતો—રડતો રડતો.
નાસતો—દોડતો.
અથડાયું—પછડાયું.
ચકરી—તમર.
છુંદાઇ—કચરાઇ.
લપડાકો- તમાચા, ધોલો.
ખેંચી—તાણી.
ચોરની-છાનું માનું લઇ જનારની.
તું એ—તું પણ.
ચોઢી કાઢી-મારી.
અસર—લાગણી. ફળ.
સંગ—સંગત, સોબત.
રંગ—પાસ અસર.
પેસે—આવે.
ઠામ—ઠેકાણું.
ઠરશે—થોભશે.
રૂડો—સારો.
બુરો—ખરાબ.
વિદ્યા—ભણતર.

કવિતાની સમજુતી. (૧)

અન્વય—જેને જેવો સંગ (તેને) તેવો રંગ બહુ બેસે, જેને જેવો સંગ (તેને) પ્રેમ પણ તેવો પેસે.

અર્થ—જેને જેવી સંગત તેને તેવીજ અસર થાય, જેને જેવી સંગત તેવુંજ હેત ત્યાં વધે.

(૨)

અન્વય—જેને જેવો સંગ તે તેવાં કામ કરશે, જેને જેવો સંગ (તે) તેવે ઠામ જઇ ઠરશે.

અર્થ—જેને જેવી સંગત તેવાંજ કામ તે કરશે, **અને જેને જેવી** સંગત તેવેજ ઠેકાણે જઇને તે ઉભો રહેશે.

(૩)

અન્વય—રૂડે સંગે રૂડો થશે (અને) બુરે સંગે બુરો બને, સારા મેતાના સંગથી, ભાગ્યશાળી (હોય તે) વિદ્યા ભણે.

અર્થ—સારી સંગત હશે તો તે સારો બનશે, ને નઠારી સંગત હશે તો નઠારો બનશે, પણ સારા મેહેતાજીની સંગતથી નશીબવાળો હોય તે વિદ્યા ભણે. (ભણીને નસીબવાળો થાય).

પાઠ ૬ ઠ્ઠો.

રખડેલ—રઝળાઉ, રખડતો. [ઘરેણું.
ફોઈ પગલુ—ફોઇએ આપેલું સોનાનું ગોળ
મસ્તી—તોફાન.
ખદખદતો—ઉનો ઉનો.
વધાઈ—વધામણી
અટક્યાળાં—અડપલાં.
હાડવૈદ—ભાંગેલાં હાડકાં સાંધા કરનાર ડાકટર.
ઓવારણાં — વહાલાને મળવાની બૈરાંનીરીત
ઓસડ વેસડ—દવાદારૂ.
આનંદ—હરખ.
પાર—છેડો. [રેલો.
હાડક્વાળો—હાડમાં ઉછ-
ભેટ—સોગાત.
કુટેવ—નઠારી ટેવો.
પોળ—ખડકી.
ઇલાજ—ઉપાય.
વંઠી—બહેકી, છકી.
શેરી—ફળીઉં.
ચૌટામાં—બજારમાં.
રખડતો—રઝળતો.
તંમર—આંખે અંધારાં આવવાં.
ભેંકડો—રાગડો.
તાણતો—કાઢતો.
ઓળખીતો—જાણીતો.
વલે—હાલ.
ખો—ટેવ, આદત. [વાત.
શીખામણ — ફાયદાની

પાઠ ૭ મો.

જક્ષી હઠીલું [પ્રાણી.
શિકારી—મારી ખાનાર
સાચવણ—સંભાળ.
ઊચી—વસુકી, ઉઠી.
અભાગીઉં કમ નશીબ.
વિઆય—બચ્ચાં જણે.
રબારી—બકરાં ઘેટાં ચરાવનાર.
લવારાં—બકરાનાં બચ્ચાં.
ગાડરાં—ઘેટાંનાં બચ્ચાં.
નીરતો—નાંખતો.
ખાંધે—ખભે.
ઝોક—બકરાં ઘેટાંને રાખવાની જગા.
છાંયે—શાળે.
વાંસળી—મોરલી.
પાવો—પીશવો.
હુંફ—ગરમી.
સુખે—નિરાંતે.
જતન—સંભાળ.
ભાગે—હિસ્સે.
જાળવતો—સંભાળતો.

તકરાર—કજીઓ.
ચાકરી—બરદાસ.
અજાણ્યું — ઓળખાણ વગરનું. [નંદમાં.
મોજમાં—મજામાં, આ-

પાઠ ૮ મો.

ગોધતો—પૂરતો.
સપડાઈ—પકડાઈ. [માં.
બંદીખાનામાં—કેદખાના-
કમોતે-વગર મોતે.
કાતર—શુક્રા.
ચાંદની—અજવાળી રાત.
ચેન—મજા, સુખ.
પાધર—ખુલ્લી જગા.
ખેલવું—રમવું.
ઠરેલ—સમજવાળી.
નાદાન—અક્કલ વગરનું.
ભલો—સારો.
જક-હઠ. [નાસી ગયું.
સટકી ગયું—છાનામાના
ઠેકવા—કુદવા.
પાદર—ગામના ઝાંપા બહારની જગા.
તરાપ—ફાળ.
બોડ—જમીનમાં ખાડો
કરી રહેવાને બનાવેલી જગા (પશુઓની.)

પાઠ ૯ મો.

રિસાળ—રિસ કરનાર.
ભાઈ ભાંડુ—ભાઈ બેન વગેરે સગાં.
ઢોંગ—ફેલ. [થયો.
પરતાયો — જીવનેબળાપો
વેદના—પીડા, દુઃખ.
આડોશી પાડોશી—પાસેના ઘરના રહેનારા.
નકામો—ફોકટ.
મુદલ—બિલકુલ. [ધો.
પાટલુન—બટનવાળો લેં-
સહેજ સહેજમાં—અમસ્તો અમસ્તો.
છેડો—પાર.
બને નહિ-ફાવે નહિ.
જમણ—જમવાનું.
પચવામાં—હજમથવામાં.
માંદો—શોક, આજારી.
ઓછું—થોડું.
ગમ્યું—પસંદ પડયું.
ચીસ—બૂમ.
ટેવ—આદત.
ભોગવવા—ખમવી,વેઠવી.

પાઠ ૧૦ મો.

તાંતણે—તારે.
નીરધાર—નક્કી.
યત્ન—મેહનત.
અનંત—ઘણાજ.
ભીડયો—બાઝયો,વળગ્યો.
કરતાં—બનાવતાં.
જાળ—કરોળીઆને રહેવાનું ઘર. [જાય.
ગભરાય—અકળાય, મું-
વણ—વિના, વગર.
શરૂ કરી—ચાલુ કરી.
હેઠે—નીચે.
ફાવ્યો—પાર પડયો.
કો—કોઈ.
ઘાટ-ઈલાજ,ઉપાય, દાવ.
મંડયોરહ્યો-વળગ્યોરહ્યો
હીંમત—ધીરજ.
હોશથી—ઉલટથી.
ધીરજ—સબુરી.
ખંતથી—ઉલટથી.
ચગદાઈ—કચરાઈ.
વણમોતે—વગર મોતે.
આળસ—સુસ્તાઈ.
તજી- છોડી દઈ.
લાભ—ફાયદો.

કવિતાની સમજુતા. (૧)

અન્વય—કરોળીઓ જાળ કરતાં, ભોંય પડી ગભરાય, (પણ) વણ તુટેલે તાંતણે, ઉપર ચડવા જાય.

અર્થ—કરોળીઓ પોતની જાળ બનાવતાં નીચે પડી ગયોને ગભરાવા લાગ્યો, પણ જે તુટયા વગરનો તાર હતો તેવડે ઉપર ચઢવા જતો હતો.

(૨)

અન્વય—તેણે ઉપર ચઢવા માટે મહેનત શરૂ કરી, પણ પાછો હેઠે પડયો (ને) કો ઘાટ ફાવ્યો નહિ.

અર્થ—તેણે જાળ ઉપર ચઢવા સારૂ મેહનત ચાલુ કરી, પણ તરત હેઠળ પડયો ને કોઈ ઇલાજમાં ફાવ્યો નહિ.

(૩)

અન્વય—એ રીતે ફરી ફરી બે ત્રણ વાર મંડયો રહ્યો, પણ તેમાં નહિ ફાવતાં (પણ) ફરી તૈયાર થયો.

અર્થ—એમ ફરી ફરી બે ત્રણ વાર ચઢયો ને પડયો તોપણ તે મંડયો રહ્યો, પણ તેમાં તે ફાવ્યો નહિ તો પણ ફરીથી ચઢવાને તૈયાર થયો.

(૪)

અન્વય—હોંસથી હીંમત રાખી છઠ્ઠીવાર ભીડયો, (તો) તે ધીરજથી નીરધાર જાળે જઈ પહોંચ્યો.

અર્થ—તે કરોળીઓ ઉમંગ ધરી, હીંમત રાખી, છઠ્ઠીવાર ચઢવા બાઝયો, એવી તેની હીંમતથી તે નક્કી પોતાની જાળે જઈ પહોચ્યો.

(૫)

અન્વય—ફરી ફરીને ખંતથી (જો) યત્ન કર્યા નહિ હોત, (તો) પગતળે ચગદાઈને વણુ મોત મરી જાત.

અર્થ—એણે ફરી ફરી ઉલટથી જો મહેનત કરી હોત નહિ તો લોકોના પગતળે ચગદાઇને વગર મોતે મરી જાત.

(૬)

અન્વય—એ રીતે જો માણસો, મનમાં ખંત રાખી, આળસ તજી, મહેનત કરે (તો) અનંત લાભ પામે.

અર્થ—એ પ્રમાણે જે માણસો મનમાં હોંશ રાખી, આળસ છોડી દઈને, ફરી ફરી મહેનત કરે તો તેને ઘણોજ ફાયદો મળે.

પાઠ ૧૧ મો.

ચકભિલ્લુ- એક જાતની રમત.
કચ્છ—કાછડા, કછોટા.
ભૂલથાપ-છેતરવું, ચૂક [થવી.
ચક્કર—ગોળાવો.
ટપોટપ—ઝટઝટ.
પેંતરા—પગલાં.
બહાદુરી—હોંશિયારી.
રમત—ગમત.
વેળા-બખત.
હારો—લાઇનો.
ગઢ—કિલ્લો.
ભિલ્લુ સોબતી, ભિરૂ.
ઠાકોર—ગરાશીઓ
સરદાર—લશ્કરનો ઉપરી.
સાથ—ટોળાં.
હુમલો—ચઢાઈ.
આસપાસ—આજુ બા- [જુ
શરૂ કરી—ચાલુ કરી.
અંતરે છેટે.
વચ્ચે- મધ્યે.
ઘુમી-ઝઝુમી.
સાથી—સોબતી.
ગમ—તરફ, બાજુ.
મેર—તરફ, બાજુ.
દાવ—ખેલ, રમત.

પાઠ ૧૨ મો.

દઢ—મજબૂત.
છુટ્ટી—રજા.
મિત્ર—ભાઈબંધ.
ગેડીદડા—લાકડીને દડાની દેશી રમત.
લાચાર—નાઈલાજ.
ભાઈબંધ—દોસ્તદાર.
છોડાય—મૂકાય.
ડગલું—પગલું.
રંગ—મઝા.
જામ્યો—ખીલ્યો.
મજા—ગમ્મત.
વચન કોલ, કબુલાત.
ખાતરી- ભરોસો.
સુનું—એકલું.
યાદ આવે—સાંભરે.
ક્યાંએ—કોઈ ઠેકાણે.
પીડા—પંચાત.
મરજી—ઇચ્છા.
ડગવા--ફરવા, ચળવા.

પાઠ ૧૩ મો.

કુટુંબ—સગાં, સહોદર.
માલમતા—પુંજી, સરસામાન.
સોહામણી—શોભીતી.
અર્ધું- અરધનું.
સ્વાદે- લહેજતે.
ભપકાદાર—ઠાઠબંધ.
મુલક—દેશ.
ગણગણતી—અવાજ કરતી.
મીઠું મીઠું—ગળ્યું ગળ્યું.
છંછેડે—છેડે, અડકે
ડંખીએ—ચટકો ભરીએ.
ચાહે—હેત કરે.
પીઠ—વાંસો.
ચકચકે—ઝગઝગે.
ઘાટ—આકાર.
સુંદર—સારો.
ફુટડા—રૂપાળા.
કામના—ખપના.
ઉલટા—સામા.
ફારી—કાણાંપાડી.
બગાડો—ખરાબ કરો.
દુભવોછો- દુ:ખ થાય એમ કરોછો.
નુકશાન—બગાડ.
વલે—હાલ.
નડીએ—હરકત કરીએ.
ભલું—સારૂં.

ભુરૂં—નઠારૂં.
ડાહ્યા—શાણા.
ઉપયોગમાં—ખપમાં.

પાઠ ૧૪ મો.

પુતળાં—રમકડાં.
મોજમજા—રમતગમત.
સાજું—ભાગ્યા વગરનું.
ઉલટભેર—ઉમંગથી.
અંગેઠી—તાપણી.
મોસાળ—માનું પિઅર.
મોળાઈ ભાઈ—મામાનો દિકરો.
સરખાં—બરાબર.
ગમે તેમ—ફાવે તે રીતે.
હરખાયો—ખુશી થયો.
તલપી—તૈયાર થઈ.
ઠેસ—ઠોકર.
વાગવાથી—લાગવાથી.
કકડા—ટુકડા.
પોતલી—પોતડી.
ભાગેલું તુટેલું.
ફુટી—ભાગી.
હોંસભેર—હરખ ભેર.
વાંક—ગુનો.
વિચાર—મનસુબો.
સમજ—અકલ, બુદ્ધિ.
નકામી—ફોકટ.
ઉતાવળ—ઝડપ.

પાઠ ૧૫ મો.

ઢીંગલી—ચીથરાની પુતળી.
સહીઅરો—બેનપણીઓ.
સંતાપ—દુઃખ.
કલેશ—કજીઓ, કંકાસ.
ચીથરાં — જુનાં ફાટેલાં લુગડાં.
વિવાહ—લગન.
નિંદે બદબોઈ કરે.
ખેંચતાણ—તાણાતાણી.
કટ્ટા—વેર, શત્રુતા.
બળવંતા—જોરાવર.
તકતો—આરસો.
ઝુંટ—ખુંચાવી લેવું.
સરી પડયો — લપશી પડયો.
બરડ—ઝટ ભાંગે તેવો.
પછાડીએ—અફાળીએ.
કાયર—હેરાન.
પજવે—દુઃખદે, હેરાન કરે.
આઘો—દૂર.
વેળાસર—વખતસર.
શણગારવી—કપડાં પહેરાવવાં.
સરસ—સારૂં.
દીઠું—જોયું. [તથી.
હળીમળીને—સંપીને, હે-
હેત—પ્યાર.
સુખચેન—મજા, આનંદ.
શોક—દલગીરી.
લાજ—આબરૂ.
ઘટે—ઓછી થાય.
સદા—હમેશાં.
લેશ—જરા.

કવિતાની સમજુતી. (૧).

અન્વય—આપણ બંને જણુ બેન (ભાઈ) મળી, સંપી રમીએ તો સુખ ચેન (થાય) લડે રડે તો સઘળો શોક (થાય), લાજ ઘટે ને લોક નિંદે.

અર્થ—આપણ બંને જણ ભાઈ બેન મળી, સંપીને રમીએ તો સુખચેન થાય, પણ જો લઢીએ વઢીએ તો ઘણી દીલગીરી થાય, આબરૂ ઓછી થાય, અને લોક બદબોઈ કરે.

(૨)

અન્વય—(હે) બળવંતા પરમેશ્વર બાપ, અમને તું સદા સંપ આપ, જેથી (અમારા) દા'ડા સુખમાં જાય, (અને) કદીએ લેશ (પણ) કલેશ ન થાય.

અર્થ—હે! જોરાવર બાપ ઇશ્વર તું અમને હમેશાં સંપ આપ, જેથી કરીને અમારા દિવસો સુખમાં જાય, અને કોઈ દિવસ જરાપણ કંકાસ થાય નહિ.

(૩)

અન્વય—બાલક હળતાં મળતાં હોય, કોય કદીએ લડે રડે નહિ, (અને) રમે જમે ને ગીતો ગાય, (તો) માતા મનમાં રાજી થાય.

અર્થ—છોકરાં હળી મળીને રહેતાં હોય, ને કોઈ કદી લઢે વઢે નહિ, અને તેઓ સાથે રમી જમીને ગીતો ગાય તો મા મનમાં ઘણી ખુશ થાય.

પાઠ ૧૬ મો.

બાળ—બાળક.
શ્રીરામ—દશરથનો દીકરો, ઘણા શક્તિવાળા માણસનું નામ.
ઝોડઝપટ—ભૂત ડાકણનો વળગાડ.
માદળીઆમાં—ગોળ દાબડીમાં.
કૌશલ્યા—રામનાં મા.
ઘંતરમંતર—જાદુ ટોણું.
પ્રધાન—મુખ્ય કારભારી.
જંત્ર—તાવીત.
દર્પણ—આરસી.
ઇચ્છા—મરજી.
તરેહ તરેહના—જાત જાતના.
ફાંફાં—વલખાં.
ગણકાર્યું—ધ્યાન દીધું.
ડસકાં—ડચકાં.
રોણ—રડવું.
જારી—ચાલુ.
ખીજવાયા—ચીડાયા.
ગોદમાં—પાસામાં.
મધુર—મીઠું.
ધીરા—શાંત.
મહારાજા—મોટા રાજા.
દશરથ—અયોધ્યાના રાજા, રામના બાપ.
છાના—ચૂપ.

પાઠ ૧૭ મો.

બ્રાહ્મણ—વિપ્ર
ગુસ્સો—રીસ, કોપ.
ભાંગી તૂટી—જેવી તેવી, બરાબર નહિ સમજાય તેવી.
વિદ્યાર્થી—નિશાળે ભણતો છોકરો.
મૂર્ખ—ઠોઠ.
ભલેરા—સારા, ભલા.
પુત્ર—છોકરો.
જોડું—બાઇડી ભાયડો, બેજણ.
પરવારી—નવરી થઈ.
ભક્તિ—ભજન.
કથા — પ્રભુ મહિમાની વાત.

ગુજરાન—પોષણુ. [ગતું.
ઓછું આવતું—દુઃખ લા-
વેળાએ વેળાએ—વારે ઘ-
ડીએ. [રોસો.
આધાર — આશરો, ભ-
આંગણાંમાં—બારણાંમાં.
નોળીઓ — એક જાતનું
જનાવર.
તરફડતું — ફફડતું.
મહેર—કૃપા.
અભાગણી—કમ નશીબ.
બચાવનાર—ઉગારનાર.
વળે—ફરે. [ફરી.
પસ્તાઈ—મનમાં બળાપો-
જાન—જીવ.

કવિતાની સમજુતી.

જે માણુસ વિચાર કર્યા વગર ઉતાવળથી કામ કરે છે, તે પછવાડેથી મનમાં બળાપો કરેછે, એવાં વિચાર કર્યા વગરનાં કામ કરવાથી સારા સારાના જીવ જતારહેછે. (મરી જાય છે.)

પાઠ ૧૮ મો.

હોશિઆર—ચાલાક.
હુંફાળું—ગરમી આપે એવું
ગાર્ડ—દેખરેખ રાખનાર.
પંપાળી—હાથ ફેરવી.
(શરીરે.)
ખબરદાર—બહાદુર.
શીરનામું—ઠેકાણું, પતો.
કેળવ્યો—શીખવ્યો.
સ્ટેશન આગગાડીને ઉભા રહેવાનું ઠેકાણું
છાપાવાળા—વર્તમાન પત્ર કાઢનાર.
સિસોટી—પીસવો.
મિનિટ—કલાકનો સાઠમો ભાગ.
સંદેશો—ખબર.
ખોડંગતો—લંગડાતો.
માયાળુ—હેત વાળો.
પાળ્યો—ઉછેર્યો.
દીપડો—નાનો વાઘ.
છાપું—વર્તમાન પત્ર.
શાબાશી—ધન્યવાદ, બહાદુરી.
ગોઠવણ—બંદોબસ્ત.
ફેંકજો—નાંખજો.
નીમેલે—નક્કી કરેલે.
અવાજ—સાદ.
ડરતો—બીતો.
ઝપાટાબંધ—જોસ ભેર, જોરથી.

પાઠ ૧૯ મો.

ભલો—સારો.
હીંચકા—ઝુલા.
ઠીમણું—ઠેકો.
રીતસર—બરાબર, સારી રીતે.
વેગળા—દૂર.
તોફાની—મસ્તીખોર.
છાતીવાળો—હીંમતવાન.
દોરડું—રસી.
ઠરાવ—ધારો.
હીંચોળે—ઝુલાવે.
વારો—વખત.
ગરીબ—કંગાલ.
ઉલટું—સામું.
દયા—રહેમ.
હડસેલી ધકેલી.
બઝાડી—વળગાડી.
પેટભરી—સારી પેઠે
પાડ—ઉપકાર.

પાઠ ૨૦ મો.

પાદશાહ—મુસલમાન.

રાજા.
સુબો—સરદાર.
સમજુતી—શિખામણ.
ફરજંદ—છોકરાં છૈયાં.
ગુનો—વાંક.
તહેનાત—પાસે,હજુરમાં.
ઓહ્દો—અખતીયાર,પદવી,નોકરીનીજગા.
નીમણુક—ગોઠવણ.
છોકરવાદી—બાળબુદ્ધિ.
ચીતરામણ—ચિત્ર.
રૈયત—પ્રજા.
ખંત—હોંશ.
દરબાર—રાજ સભા.
દેખાવડો—રૂપાળો.
હુકમ ફરમાન.
ખાસ—ખાનગી.
ફરમાવશો—કહેશો.
મોંએ ચઢેલો—બોલવાની છુટ લેનારો.
અરજ—બિનંતી.
અલ્લા—ઈશ્વર.
ખેલતો—રમતો.
દીલમાં—મનમાં.
બદલાઈ ફેરવાઈ.
દીલગીરી—શોક, ઉદાસી.
કઠણ—સખત.દયાવગરનો
હૈયાનો—મનનો.
રદ—બાતલ, કાઢીનાંખવું.

પાઠ ૨૧ મો.

ઢેકા—ટેકરા.
ઢળીઆ—ખાડા.
ધોરી—મોટો.
કોહલાં—શીઆળ.
ખોંખારો અવાજ.
ભોંય—જમીન.
ગભરાયો—અકળાયો.
તરસ—સોસ.
ખરે—સાચે.
દુવા—આશિષ.
ચલાતું—હીંડતુ.
ખભે—ખાંધે.
લાભ—ફાયદો.

પાઠ ૨૨ મો.

પડછાયો—ઓળો, છાંયો.
ભાગોળ—દરવાજો.
કિનારે—કાંઠે, આરે.
દાનત—નિયત.
થોભીશ—ઉભો રહીશ.
ભાગ—હીસ્સો.
પાર—બાજુ.
દોડતો—નાસતો.
કુદકો—થેકડો.
થાક ખાવો—વિસામો લેવા.
અદેખો—દેખી ન ખમાય એવો.
લોભી—લાલચુ.
ઝુંટવી—ખુંચાવી.

તરાપ—ઝોંટ.
તળીએ—નીચે.
ખોળ—શોધ.
ગુમાવ્યું—ખોયું.
તાકે—ઇચ્છે, મરજી કરે.

પાઠ ૨૩ મો.

ઠગ—ધુતારો.
ખરીદ—વેચાતું લેવું તે.
દરકાર—કાળજી, તમા.
જનોઈ—ઉપવીત, બ્રાહ્મણ સુતરનાત્રણ તારનું પહેરેછે તે.
હડખાએલા—કરડવાપર ચઢેલા.
સંદેહ—વહેમ.
ઠાવકું—ઠેકાણું.
અભડાયો—અડકાયો, અપવિત્ર થયો.
વાટમાં—રસ્તામાં.
પડાવી—લઈ.
અચરજ—નવાઈ.
ગણકારતાં—લેખવતાં.
બદલે—સાટે.
રખે—કદાપી, કોણ જાણે.
લાગે—વળગે, થાય.
ધારી—જાણી.
શિકારી—પારધી.
બચકું—ડાચું.
બામી—ખોડ.

ઉંચક્યાથી—ઉપાડ્યાથી.
ખુલ્લું-ઉઘાડું.
ભરોસો-વિશ્વાસ.

પાઠ ૨૪ મો.

ગોળમટોળ—પૂરેગોળ.
ચટાપટા—રંગીન લીટા.
છાનોમાનો—ચુપચૂપ.
લડતો—વઢતો.
પૂછીને—કહીને.
ચળકતો-ઝગઝગાટકરતો
બગાડ્યું—ખરાબ કર્યું.
છીનવી—ખુંચાવી.
ચોર—છુપી રીતે બીજાની વસ્તુ લઈ જનાર.
બીજાનું—પારકું.
રાજા—દેશનો ધણી.
સજા—શિક્ષા.
શીખામણ – ફાયદાની વાત.
ભૂલીશ વિસરીશ.

પાઠ ૨૫ મો.

ડર્યો—બીન્યો, બીધો.
સમાતાં-અંદરપેશીજતાં.
નિહાળ્યું-જોયું.
સંપત—પૈસા.
ઝુલતાં—હીંચતાં.
પિતાની—બાપની.
કુહાડી—લાકડાં ચીરવાનું હથિયાર.
ભાયડો—મોટો માણસ.
બહાદર—જોરાવર.
શાણો—ડાહ્યો.
ઘાવ—ફટકો.
ભાળે—જુએ.
ઝાંપે—દરવાજે.
નીર-પાણી.
તાહાં—ત્યાં.
દીલે—મનમાં.
ચીસ-બૂમ
સુણી——સાંભળી.
ભલાં સારાં ગુણવાળાં.
દેવીમાતા – દેવની સ્ત્રી શક્તિ.
વદે—બોલે.
માથું હલાવી-ડોકું ધુણાવી.
મેર-દયા.
જગનાથ—પરમેશ્વર.

કવિતાની સમજુતી. (૧).

અન્વય—નાનો બાળ પિતાની કુહાડી લઈ, બહાદૂર (ને) શાણો હોય (એવો) ભાયડો બન્યો કંઈ ચીજ (પર) ઘાવ કરે, ભાળે (ને) કાપે, (એમ) ખેલતો ગામ ઝાંપે તળાવે ગયો.

અર્થ—નાનો છોકરો બાપની કુહાડી લઈ જોરાવર અને ડાહ્યો પુરૂષ બન્યો, તે કંઈ વસ્તુ જુએ તેની પર ફટકો મારે, ને કાપે, એમ રમતો રમતો ગામને પાદરે તળાવ ઉપર ગયો.

(૨)

અન્વય—તાંહી માછલે જરા નીર હલાવ્યું (તેથી) બાળકે પાણી માંહી કંઈ નિહાળ્યું, (તેથી) બાળ દીલે ડર્યો (ને) કુહાડી તો પડી, તે ઘડી ત્યાં બહુ ચીસ પાડી રડ્યો.

અર્થ—ત્યાં માછલાંએ કુદીને જરા પાણી હલાવ્યું તેથી તે છોકરાએ તળાવના પાણીમાં જોયું તે જોતાંજ તે છોકરો મનમાં બીન્યો તેથી હાથમાંની કુહાડી પાણીમાં પડી ગઈ તે વખતે બહુ બૂમ પાડીને રડી પડ્યો.

(૩)

અન્વય—સાદ સુણી સદા પાણીમાં ઝુલતાં ને સમાતાં (હતાં તે) ભલાં દેવી માતા આવ્યાં, (તે) દેવી વદે (કે) આ રૂપાની કુહાડી લે, બાળ કહે, માતા મારી (કુહાડી) એવી નથી.

અર્થ—તેનો રડવાનો અવાજ સાંભળીને હમેશાં પાણીમાં તરી શકનારાં અને અંદર પણ રહી શકે એવાં અને સારાં દયાવાળાં દેવીમા બહાર આવ્યાં, ને તે બોલ્યાં કે આ રૂપાની કુહાડી લે, ત્યારે છોકરો બોલ્યો કે હે મા! મારી કુહાડી એવી નથી.

(૪)

અન્વય—બીજી વાર સોનાની લાવી બતાવી (તો) એ બાળ માથું હલાવી કહે (કે) (એ મારી) નહિ, મને તો મારી સારી કુહાડી ગમે (છે), (તે હે) ભલાં માત પાણીમાંહેથી કાઢીદો.

અર્થ—માતાએ ફરીવાર સોનાની કુહાડી લાવીને બતાવી, એટલે એ છોકરાએ માથું હલાવીને કહ્યું કે એ મારી નથી, મને મારી સારી કુહાડી ગમે છે, માટે હે દયાળું મા! મને તે પાણીમાંથી કાઢી આપો.

(૫)

અન્વય—દેવીએ કાઢી દીધી, (ને) બાળક સાથે બોલી (કે) તને સુખ, સંપત હોજો (ને તારાપર) જગનાથ મેહેર કરે.

અર્થ—માતાએ તેની કુહાડી કાઢી આપી ને કહ્યું કે તને સુખ અને પૈસા ટકા ઘણા મળજો અને તારાપર પરમેશ્વર ઘણી દયા કરજો.

પાઠ ૨૬ મો.

ભરપુર—ભરેલો, વાલો.
દેશાવર—પરદેશ.
વેપારી—વેપાર કરનાર.
ખૂબ સુરત—રૂપાળો.
બરદાસ—ચાકરી.
પૈસે ટકે—ધન દોલતે.
ખાલી—ઠાલો, વિનાનો.
હાલત—સ્થિતિ.
બગડતી—ખરાબ થતી.
માલમપડે—જણાય.
ખૂટી—ઓછું થઈ.
ઉમદા—ઘણોજ સારો.
કપરા—આકરા, સખત
લાચાર—નિરાશ, નિરૂપાય
મૂલ—કિમત.
ઠરાવ—નિશ્ચય.
મુકામે—ઉતારે.
હૈયું—મન.
પંપાળતાં—હાથ ફેરવતાં.
પરદેશી—બીજા દેશનો રહેનાર.
ચાકરી—બરદાસ.
પરવડે—પાલવે.

પાઠ ૨૭ મો.

ભરાવ—સારા ઘાટ બંધ ફુલેલું દેખાવું તે.
ખડખડાટ—અવાજ.
દુબળા—પાતળા.
વટાવી—ઓળંગી.
સંકટ—દુઃખ.
પારધી—શિકારી.
ઝરો—વહેળો, ઝરણું.
પડછાયો—ઓળો.
શોભે—સારૂં દેખાય.
નારાજ—ગુસ્સે.
બડબડવા—ગમે તેમ બોલવા.
લજવ્યું—શરમાવ્યું.
ફુટડા—રૂપાળા.
લલકારવું—પડકારીને બોલતું.
ચમકી—ચોંકી, ઝબકી.
છલંગ—ફાળો.
આઘે—વેગળું.
કેડો—પુઠ.
પાધર—સપાટ જમીન.
ઝાડી—જંગલ.
ચોપાસ—ચારે તરફ.
ફેલાએલી—વિખરાએલી.
વળ્યું—ફાવ્યું.
ઝાલ્યું—પકડયું.
બખોડતું—નિંદતું.
બચાવ્યું—ઉગાર્યું.
મોહી પડયું—પ્રેમલાગ્યો.
ફસાવી—સપડાવી
વખાણવી—તારીફ કરવી.

પાઠ ૨૮ મો.

નકલ—વેશ.
શિઆળ—કોહલું.
રંગરેજ—કપડાને પાઘડી રંગનાર
જરદી—પીળા રંગનું પાણી.
ધગ ધગતી—ઉની ઉની.
વાઘ—ફાડી ખાનાર પ્રાણી.
શહેર—મોટું ગામ.
ગભરાયું—અકળાયું.
પાસ—રંગ બેસવો તે, અસર થવી.
જંગલ—વન.
ડરે—બીએ.
ચાલવા—વરતવા.
પ્રાણી—જનાવર.
ગભરાશો—ડરશો.
પ્રધાન—કારભારી.
કોઢ—લોઢું ગાળવાની ભઠ્ઠિ.
ધગધગતા—ઘણાજ ઉના.
બુરા—નઠારા.
હાલ—વલે.

પાઠ ૨૯ મો.

પિએર—સ્ત્રીના બાપનું ઘર.
રડયું ખડયું — કોઇકજ, જવલેજ.
ટાકણે—વેળાએ.
ચડભેડી—ચઢી જઇ, ગુસ્સા કરી.
ભારેખમ—માન વાળાં.
વરો—જમણવવાર.
નડવા—હેરાન કરવા.

લેખવે—ગણુ [મતે.
મોંધે ભાવ—વધારે કી-
ખપ—જરૂર, કામ.
શેખી—પતરાજી.
રંક-ગરીબ
ઉપયોગમાં કામમાં.
માન—આબરૂ.

પાઠ ૩૦ મો.

આપકર્મી—જાતે કમાઇને ખાનાર. [ખાનાર.
બાપકર્મી-બાપનુંઆપેલું
ઓચીંતી એકદમ, વગર જાણે
વરમાળ-લગનવખતે વરને પહેરાવવાની માળા
રાજપાટ—રાજાની ગાદી
તડંગધુમ—નોબતનો અવાજ.
પ્રાર્થના—સ્તુતી.
પહેરામણી—પરણ્યા પછી વહુને ઘેરથી આવેલી ભેટ.
તીર્થ-દેવની પવિત્ર જગા.
સવારી-એક રાજાએ બીજા રાજાના રાજ ઉપર લશ્કર લઇ ચઢાઇ કરવી તે
ભાભી—ભાઇની વહુ.
વતન—પોતાનું ગામ.
નોકરીમાં—ચાકરીમાં.
તરાપ-છલંગ.
ઠેકાવી- કુદાવી.
ઉડાવી દીધું-કાપીનાખ્યું.
સેનાનો—લશ્કરનો.
ઉપરી-સરદાર.
સમે—વખત.
હીંમત હામ.
લૂણુ—નીમક, મીઠું, અનાજ.
ફતેહ—જીત. [ળમાં.
દહેરામા—મંદિરમાં, દેવ-
ડંકા—નોબત.
નિશાનો-ધજાઓ.
તક—લાગ. દાવ.
ઠેકડે-છલંગે.
નાસ ભાગ—નાસા નાસ.

પાઠ ૩૧ મો.

બળદ—આખલો.
તડુકતો-બૂમ મારતો.
ચઢાઉ-ગરમસ્વભાવની.
ખાબોચીઆમાં—પાણીના ખાડામાં.
મમત—હઠ
આગળ-પહેલાં.
ફુલાવ્યુ -ઉપસાવ્યું.
વેઠેછે-ખમેછે.
ગુસ્સે—ક્રોધે.
ગજા—શક્તિ.

પાઠ ૩૨ મો.

સાહુકાર—શેઠ, પૈસાદાર.
તળાવડી-નાનું તળાવ.
બેદરકાર-ગરજવગરનો.
બોરીઆં—બદન.
શિખામણુ—બોધ.
ખરડાએલા-બગડેલાં.
ભિખારી-કંગાલ, ગરીબ.
લપસી—ખસી.
ઉપકારનું—પાડનું.
યાદ—સાંભરવું.
ધ્રુજતો થરથરતો.
ખાદી—મજ પનાનુંજાડું દેશી કાપડ.
બફારાના—ગરમીના.
મોડું—અસુરૂં.
રોગો-મંદવાડ.

પાઠ ૩૩ મો.

ભણેલા—શીખેલા.
ગણેલા—વિચાર કરનાર.
ખાતરી—સાબીતી.
શેલો—પથરા.
ખંતીલા—ઉમંગી.
અંગુઠીઆં-પગની મોટી આંગળીએ પહેરવાનું રૂપાનું ઘરેણું.
રાજમારગ-મોટા રસ્તો.
સી—બધરી.
વહેળો—વહેતા પાણીનો

ઝરો.
ઢુંકડું—નજીક.
ભાઇબંધી—દોસ્તી.
જડતો—મળતો.
વેપાર-રોજગાર, ધંધો.
પાડોશમાં—પાસે, નજીક.
ફાટ—ચીરો.
જોડા—પગરખાં.
જોટવાં—પગની આંગળીએ પહેરવાના રૂપાના કરડા.
શરૂ—ચાલુ.
ધોબી—કપડાં ધોનાર.
છેક—બીલકુલ.
વશ્યા—રહ્યા.
પુષ્કળ ઘણાં.
પૈસા—દોલત. પુંજી.

પાઠ ૩૪ મો.

મહિમા—મોટાઈ.
જગપતિ—પરમેશ્વર.
તરૂપાન—ઝાડપાન.
શીતળ—ઠંડો, ટાઢો.
સરજનહાર-પેદાકરનાર.
સરિતા-નદી.
નવરંગી-ભાત ભાતનાં
ઘાટ—ઓવારો, આરો.
ચાવણું—ખાવાનું.
જગમાં—દુનિયામાં.
સરજાવ્યા—પેદા કર્યાં.
સંસાર—દુનિયા.
ખીલતાં ફૂલતાં.
ગાન—ગીત, ગાયન.
શોભતાં—સારા દેખાતાં
કરાડ – ભેખડ, નદીના કિનારોનો જે ભાગ ઘણો ઉંચો ને સીધો આવેલો હોય તે.
સિંધુ-દરિયો, સમુદ્ર.
રચના—બનાવટ.
રવિઆમણી શોભીતિ.
નગર—શહેર.
વાટ—રસ્તો.
શિઆળો-ટાઢની મોસમ.
ઠંડક—ટાઢક.
ઉનાળામાં—ગરમીની મોસમમાં.
નારધાર-નક્કી.
ચોમાસામાં – વરસાદની રૂતુમાં
ઝુલતાં—લટકતાં.
મધુર—મીઠા.
નાદ—શબ્દ, અવાજ.
સૂદ—અજવાળીયું.
કળા—પ્રકાશ.
વદમાં—અંધારીઆમાં.
દીસે દેખાય
મેદાન—સપાટ જમીન.
જળ—પાણી.
આંખડી—આંખ.
કળા—લીલા.
કળીજાય-સમજાય.
સરજી—બનાવી.

કવિતાની સમજુતી. (૧)

અન્વય—જગપતિએ જગમાં અપાર રૂડી રચના રચી (છે ને) સંસાર (માં) નાના મોટાં પ્રાણીઓ સરજાવ્યાં.

અર્થ—પરમેશ્વરે દુનિયામાં ઘણીજ સારી બનાવટ કરી છે, ને નાના મોટાં બધાં પ્રાણીઓ તેણે બનાવ્યાં છે.

(૨)

અન્વય—નવરંગી ખીલતાં ફૂલ, ગાનગાતાં પંખી, સુંદર રંગે શોભતાં, તરૂપાન અને પાંખ.

અર્થ—જુદી જુદી જાતનાં ફૂલતાં ફૂલ, ગાયન ગાતાં પંખીઓ, ઝાડનાં પાન અને જુદી જુદી જાતના પંખીઓની પાંખો મજાના રંગ વડે શોભે છે.

(૩)

અન્વય—મોટા પહાડ, કરાડ સિંધુ, સરિતા, ઘાટ, નગરને વનવાટ આ રળિઆમણી રચના કરી (છે.)

અર્થ—મોટા પર્વતો, ભેખડો, સમુદ્રો, નદીઓ, ઓવારા, શહેરો અને જંગલોના રસ્તાની આવી શોભીતી બનાવટ પરમેશ્વરે કરી છે.

(૪)

અન્વય—શિઆળે શીતળ પવન ઠંડક સાર આપે, ઉનાળામાં સૂર્યનો, તાપ નીરધાર તપે (છે).

અર્થ—ટાઢની મોસમમાં ટાઢો વા સારી રીતે ટાઢક આપે છે, ગરમીની મોસમમાં સૂરજનો તાપ નક્કી ઘણોજ તપે છે.

(૫)

અન્વય—ચોમાસાના દિવસમાં વરસાદ વરસેછે, ઝાડે ઝૂલતાં ફળ જો (અને) મોરના મધુર નાદ (સાંભળ).

અર્થ—વરસાદના દિવસમાં વરસાદ વરસે છે, ઝાડો પર ફળો લટકતાં દેખાય છે અને મોરના મીઠા શબ્દ સંભળાય છે.

(૬)

અન્વય—ચંદ્ર તણી કળા સુદમાં આનંદ આપે છે, (ને) વદમાં તારા તેજનો રૂડો રંગ દીસે (છે).

અર્થ—અજવાળીઆમાં ચંદ્રનું અજવાળું મજા આપે છે અને અંધારીઆમાં તારાના તેજનો રંગ શોભીતો દેખાય છે.

(૭)

અન્વય—રમત ગમતને કારણે મોટાં મેદાન છે વળી જળ મહીં વેલા ને પાન કેવાં તરતાં (દેખાય છે).

અર્થ—રમત કરવાને માટે મોટી સપાટ જગ્યાઓ છે અને પાણીના તળાવોની અંદર વેલાઓ અને તેનાં પાંદડાં કેવાં તરતાં દેખાય છે.

(૮)

અન્વય—(હે) ભગવાન? (તેં) જોવા આંખડી આપી સાંભળવાને કાન (આપ્યા અને) બોલવા જીભ બનાવી, (એ) ભલું કર્યું.

અર્થ—હે પ્રભુ તેં જોવાને આંખ આપી, સાંભળવાને કાન આપ્યા, અને બોલવાને જીભ આપીએ સારૂં કર્યું છે.

(૯)

અન્વય—દાંત સાથ ચાવણું દઈ, બહુ ઉપકાર કીધો. (હે) સરજન-હાર (તેં) કળા સરજી (તે) કળી જાય નહિ.

અર્થ—દાંત અને વળી ખાવાનું આપી બહુ ગુણ કીધો છે, હે મારા પેદા કરનાર પરમેશ્વર તેં જે જુક્તિ કરી છે તે સમજી શકાય તેમ નથી.

પાઠ ૩૫ મો.

વસંત–પાનખર.
ૠતુ–મોસમ.
વિશાળ–મોટા.
પલ્લવ–પાંદડાં.
સ્હોય–સારાં દેખાય.
માતેલા – ફાટેલા, વ-કરેલા.
વનસ્પતિ–ઝાડપાન.
છજેલ–પથરાએલી.
તંબુ–કપડાનું ઘર.
ધજા–તોરણ નિશાન.
વાવટા–તોરણ.
પૃથ્વી–જમીન.
કલોલ–આનંદના પોકાર.
તીતર–એક જાતનું પક્ષી
બેશ–મઝાનું, સુંદર.
ધોળીને–પાણીમાં ઓ-ગાળીને.
બાગ – ફૂલવાડી, બ-ગીચો.
ગુંજાર–ગું ગું.
મોર–આંબાના ફુલ.
ચાંદની-અજવાળી રાત્રી.

કવિતાની સમજુતી. (૧).

અન્વય—વિશાળ વડપર છજેલ વેલ, જાણે તંબુ તાણેલ છે, (અને) કેળ, નાળિએરી ને તાડ, એ ઝાડ ધજા વાવટા રૂપ (છે).

અર્થ—મોટા વડના ઝાડપર વેલ પથરાએલી તે જાણે લુગડાનું ઘર બનાવ્યું હોય એવું દેખાય છે, અને તાડના ઝાડ એ ધજા અને તોરણ રૂપ હોય એમ દેખાય છે.

(૨)

અન્વય—પીળાં પાકાં પાન હોય (તે) ખરી પૃથ્વી પડે (ને) વનસ્પતી શરીરે નવાં પલ્લવ ધરી રહોય.

અર્થ—ઝાડનાં પીળાં ને પાકાં પાન હોય તે ખરીને જમીન ઉપર પડે અને તમામ ઝાડોની ડાળીઓને નવાં પાંદડાં આવે છે.

(૩)

અન્વય—કોયલ મીઠા બોલ બોલે, મેના પોપટ કલોલ કરે, તીતર, કબુતર (વીગેરે) વિશેષ પંખી રાગ ગાય ને બેશ નાચે.

અર્થ—કોયલ મધુર શબ્દ બોલે, મેના પોપટ ખુશીના પોકાર કરે, તીતર, કબુતર અને બીજાં ઘણાં પક્ષીઓ સુંદર રાગ ગાય ને સારો નાચ કરે.

(૪)

અન્વય—લોક કેસુડો રંગ ઘોળીને હોળી ખેલે, બાગમાં ફુવારા ઉડે (અને) ચોટા (ને) ચોક છાંટે.

અર્થ—લોક કેસુડાના ફુલનો રંગ બનાવીને તેના વડે હોળીમાં રમે, બઝાર અને ચોકમાં રંગ છાંટે છે અને બાગમાં ફુવારા ઉડે છે.

(૫)

અન્વય—ભમરાઓ ગુંજાર કરતા, ઝાડોપર અપાર નવરંગ (અને) આંબા ઉપર મોર શોભે (અને) ચાંદની ચારેકોર ખીલી (રહીછે).

અર્થ—ભમરાઓ ગુંગું અવાજ કરે, ઝાડોપર જુદી જુદી જાતના ઘણા રંગ ખીલી રહ્યા છે, આંબા ઉપર તેનો મોર શોભે છે, અને ઘણી મજા આપે એવી અજવાળી રાત્રી ચારે તરફ ખીલી રહીછે.

(૬)

અન્વય—જન સ્વાદે શીખંડ ખાય (અને) શીતળ નીર પીએ (છે) પશ્ચિમ દક્ષિણ પવનથી શરીર સુખીઉં થાય (છે).

અર્થ—માણસો લહેજતથી શીખંડ ખાય અને લોકો ટાઢું પાણી પીએ છે, પશ્ચિમ અને દક્ષિણ દિશામાંથી પવન વાય છે તેથી શરીર સુખી બનેછે

ગુજરાતી બીજી ચોપડીના અર્થ.

ભાગ ૨ જો.

પાઠ ૩૬ મો.

ટેકરા—ઉંચી જમીન.
દિશા—બાજુ.
પશ્ચિમ—આથમણી.
ઉગમણી—પૂર્વ.
કસરત શાળા — કસરત કરવાની જગા.
ઓળો—પડછાયો.
ઉત્તર—પૂર્વ તરફ મોં કરી ઉભા રહેતાં ડાબા હાથ તરફની બાજુ.
પૂર્વ—ઉગમણી.
આથમણી—પશ્ચિમ.
દક્ષિણ—પૂર્વ તરફ મોં કરી ઉભા રહેતાં જમણા હાથ તરફની દિશા.
સામે—સામા બાજુએ.
હાર—લાઇન, ઓળ.
પડછાયો—ઓળો.
છેક્જ—બીલકુલ, તદન.
હરકોઈ—કોઈ પણ.
કઠણ—અઘરી.
દીઠામાં—જોવામાં.
પીઠ—વાંસો.

પાઠ ૩૭ મો.

નકશો—ગામ કે દેશનો નમુનો.
લંબાઇ—લાંબી બાજુ.
માસ્તર—મહેતાજી.
સ્લેટ—પથ્થર પાટી.
પહોળાઈ—પોહોળું.
ફૂટપટી—બરીને લંબાઇ માપવાનું ઓજાર.
ગેલેરી—પાયરી, પગથી.
બેસતાવરસ નવાવરસ.
સાથીઓ—ચુના કે ચોખાના લોટેથી ચીત્રેલા ચિત્ર, ચોક.
માપ—ભરત.
મથાળે—ઉપર.
માય—સમાય.
રસ્તો—ઉપાય. ઇલાજ.
ઇંચ—ફુટનો બારમો ભાગ. પૈસા જેટલી લંબાઈની જગા તે ઇંચ લાંબી કહેવાય.
ભૂસી—બગાડી.
મધ્યમાં—વચ્ચમાં.

થોર—એક જાતનાં કાંટા વાળાં ઝાડવાં.
કરા—ઘરની બે બાજુની ભીંતો.
ખાલી—ખુલ્લી.
બેઠકો બેસવાની જગા.
ટેબલો—મેજ.

પાઠ ૩૮ મો.

નિશાન—એંધાણી.
ગોચર—ઢોરોને ચરવાની છુટી જગા.
આગગાડી-વરાળથી ચાલનારી ગાડી.
સ્ટેશન-આગગાડીનેઉભી રહેવાની જગા'
આણી લાગ્યો.
ડગલાં—પગલાં.
અડીને લગોલગ.
ચાનરવી—હારવી. [ઝરો.
નદી - વહેતાં પાણીનો
મથક—ઠેકાણું.

પાઠ ૩૯ મો.

પોપડા—પડ, બીડ.

બાકું—નદીના તળીઆમાં કાપ કરેલી જગા.
આંબાવાડી – આંબાના ઝાડોવાળી જગા.
ડાંગર—જેમાંથી ચોખા નીકળે તે.
નિચાણ ઢળતી જગા.
ક્યારડા- ડાંગર પાકવાના ખેતર.
વર્ગ—કલાસ.
વગડામાં—જંગલમાં.
ઘાસ—ચારો.
વળ્યા- ફર્યા.
પેલીમેર- બીજી બાજુ.
વહેળો—નાની નદી.
ઢાળ—ઢોળાવ.
દેખાવ-દેખાવનો આકાર.
દહેરૂં શીવનું મંદિર.
ધજા—નિશાન.
ટાઢો—ઠંડો, શીતળ.
મજા—ગમત.
કાંઠા—કિનારા
ચાલાક—હોશિયાર.
વહેણ—વહેતા પાણીની જગા.
પાર—બાજુ.
સુગમ—સહેલું.
મસ—વધારે.

પાઠ ૪૦ મો.

અધિકારીઓ – કારભારીઓ.
હવાલદાર —ગામપર દેખરેખ રાખનાર.
સરકારી- રાજાની માલીકીનું. [કામ કરનાર.
વારાવાળા—વારા પ્રમાણે
રાવણીઓ-ગામનાનોકર.
હુંડી—બીજે ગામથી પૈસા મળવાનો કાગળ.
બંદોબસ્ત—ગોઠવણ.
મામલતદાર-વહીવટદાર.
ટપાલી—કાસદ, કાગળ વહેંચનાર. [પનાર.
દાકતર-અંગ્રેજી દવા આ-
મોસાળ—માનું પિઅર.
ચોરામાં—ગામના અધિકારીને બેસવાની જગામાં [પરી.
મુખી—પટેલ, ગામનો ઉ-
હુકમ—ફરમાન. [તાના.
ભરણાના—વેરાના, હપ.
તલાટી—ગામની વસુલાત ઉઘરાવનાર.
તપાસે- જુએ.
દવા—ઓસડ.

ગુજરાતી બીજી ચોપડીના અર્થ.

ભાગ ૨ જો.

પાઠ ૪૧ મો.

સવાર—પ્રભાત.
સોનેરી-સોનાના રંગનો.
વનસ્પતી—ઝાડપાલો.
અંગારા—સળગતા કોલસા, લાળા.
ઘોંઘાટ—ગરબડાટ.
આકાશ—ગગન.
પથરાઈ—ફેલાઈ.

કારો-ધારો.
ધગધગતા-ગરમ ગરમ.
ધંધે-કામે.
વળગે-લાગે.
ખેડુત-ખેતી કરનાર.
હળ-નાંગર, જમીન ખેડવાનું.
દુકાન-હાટ.
કલોલ-આનંદ.
ખીલતી-ફુલતી.
લહેર-લહેક.
જન-માણસ.
નરમપડે-ઓછો થાય.
આખરે-છેવટે.
ચોતરફ ચારે બાજુ.

પાઠ ૪૨ મો.

લક્ષ્મણ-છોકરાનું નામ.
સ્ટેશન-આગગાડીને ઉભા રહેવાનું ઠેકાણું.
તોફાન-ઘણા જોરથી પવન વાય તે.
ટિકીટ-આગગાડીમાં બેસવાની પાસ.
ભરવાડ-ઘેટાંચરાવનાર.
ઝપાટો-સપાટો.
અકળામણ-ગભરાટ.
ફુંકાય-વાય.
ફેર-તફાવત.
ગુંગળાઇ-અકળાઇ.
પ્રાણી-જીવ.
ઉથલી-ગબડી.
બચત-ઉગરત.
ધસડી-તાણી.
વાસ-ગંધ, સોરમ.
છેક-તદન.

પાઠ ૪૩ મો.

ચાક-ખડી, સફેતો.
ખડીઆ-શાહી ભરવાનું વાસણ.
ગાંગડો-કાંકરો, ખડો.
હકીકત-વિગત, વાત.
સેકાઉ-ભુંજાઉ, બળું.
જંતુ-જીવડાં.
કહાણી-વાત.
નિર્દય-દયા વગરનો.
ચાંચવા-જમીન ખોદવાનું હથીઆર.
મૂલ-કિંમત.
ઓછું-થોડું.
સહેલાઇ-મહેનત વગર.
ચુરો-ભુકો.
ડુબાવી-બુરાડી.
કણ રજકણ.
પીગળતો-ઓગળતો.
ઝાખો-મેલો.
કાલ-રેતી ને ચુનો ભેગા કરી ચક્કીમાં પાસે તે.
બારીક-ઝીણું.
વેહ-કાણાં.
છિદ્રો-કાણાં.
થર-પડ. [વાનું ઓજાર.
પાવડા-માટી ભરી લે-

પાઠ ૪૪ મો.

કંસારા-તાંબા પિતળના વાસણ બનાવનાર.
કથરોટ - મોટી થાળી, તાસ.
નાળચાં-ગળણી.
પુષ્કળ-વધારે.
ચંબુ-શિરોઇ.
તાંબાકુંડી-તાંબાનું પહોળામોનું વાસણ.
ટંકશાળ-નાણું બનાવવાની જગા.
નોકર-ચાકર.
અવાજ-નાદ, નાદ.
હથોડા-લોઢાની મોગરી.
ટીપે-કુટે.
ભેળ-ભેગ.
રાતું-લાલ.
ગાળીને-રસ કરીને.
ઝાંખાં-ચળકાટ વગરનાં.
માંજીએ-ઘસીએ. [તુ.
કલાઇ-એક જાતની ધાજડેછે-મળેછે.
સિક્કા-નાણું.
સરકાર-રાજા.

પાઠ ૪૫ મો.

ઢાટ—ઝગઝગાટ.
ાગરા—ભરડવાં, નર-
માદાના ચાપડા.
ાર્ડ—ચંચુ.
મ—બક્ષિસ.
-ફલાસ.
—એકે એક.
ાો—પછવાડે.
વણી—ભેગ.
વે—ગરમ કરે.
ાળી—પીગળી.
ાય—કામમાં આવે.
ાા—મેલો.
ુ—વસ્તુ.
ય—કસાય.
તું—સોધું.

પાઠ ૪૬ મો.

ણું—નરમ, કુણું.
ળી—ખરજ. ખસ
ીવાટ—પાણી જવા-
ના રસ્તો.
ડાં—અનાજ ઝાટક-
વાનું ઓજાર.
હવો—એક જાતનુંઘાસ.
લ—માથામાં નાખ-
વાનું તેલ.
ાળી—નરમ.
અતર—સુગંધી તેલ.
ચરાઉ—ચરનારાં.
ઉપલાણુ—ઉપરની બાજુ.
તમાકુ—એક જાતનું ઘા-
સ, બીડી ને હૂકામાં
પીએછે તે [ગા.
ચરો—ઘાસ ઉગવાની જ-
છાવામાં—ઢાંકવામાં.
તદન—બીલકૂલ.
દાભ—દરભ.
પુળીઓ—જુડીઓ.
ગંજી—ઢગલો.
પાળેથી—કિનારેથી.
ગડીઓ—ગાઠો.
સુગંધ—સારી વાસ.
જડ—મૂળ. [ઝુમતાં.
ચમરી—છોડની ઉપરનાં
પડા જુડા.
કૂટીને—કચરીને. [દોરી.
મૂંજ—સરકટના પાંદડાંની

પાઠ ૪૭ મો.

સળંગ—આખું ને આખું
સેંકડો—ઘણા સો.
રાતડીઆ—રાતી જુવાર
મહીકાંઠા—મહી નદીની
આસ પાસનો દેશ.
ગુચ્છો—જથો.
ઢેબરાં—મીઠું મરચું નાં-
ખી કરેલા રોટલા.
મેળે—જાતે.
વાવવાં—રોપવાં.
પરાળ—ડાંગરનું ઘાસ.
બાઝેલી—વળગેલી.
પેર—કાતળી.
પેઠે—રીતે.
ભીલ—પહાડમાં રહેનાર.
નાગલી—બાવટો.
સામો—એક જાતના ઘા-
સનું બી.
ચેક—ચીઢા કે કુંગળાના
મૂળની ગાંઠો.
બીડ—ઘાસની જમીન.
છડીને—ખાંડીને છોતરાં
કાઢીને.
ખસલી—સુકું ઘાસ.
કડબ—જુવારનું ઘાસ.

પાઠ ૪૮ મો.

સખત—ઘણી અઘરી,
કઠણ.
હળપુણી—જમીન ખેડ-
વાના ઓજારમાં લો-
ઢાની કોશ આવેછે તે.
લઠ્ઠ—જોરાવર.
એક સામટું—સાથેલાગું
ધુસરી—બળદની ખાંધ
ઉપર રહેનારૂં લાકડું,
જુસરી.
સંતોષ—શાંતિ.

કોવતવાળું – જોરવાળું,
તાકાદવાળું.
ભાણુ–સૂરજ.
વસ્ત્રો–લુગડાં.
ઉત્તમ–સારાં.
મજુરી–મહેનત.
ભાથું–ખાવાનું. [ગા.
કોઢ–ઢોર બાંધવાની જ-
નીરૂં-નાખું.
મજબુત–કઠણ.

થાકી જવું–નરમ થવું.
સુથાર–લાકડાં ઘડનાર.
ભારે–વજનદાર.
ચવડું–હળનાં નીચેનાં
ભાગમાં કોશની સાથે
અણીવાળું લાકડું
હોય છે તે.
સેડ–ધુંસરી અને હળની
વચ્ચેનું લાંબું લાકડું
છેડા-હળનેછેડેપકડવાની

ખીલી જેવું હોય છે તે.
બાપ–તાત. [ત્પન્ન કરે.
નીપજાવે–ઉપજાવે, ઉ-
જીવ–પ્રાણિ માત્ર.
ધરે–પહેરે.
ભાવે–ખુશીથી.
સહે–વેઠે.
ઉપકારી–ગુણ કરનારી.
ખંતથી–હોશથી.
શીખ–શીખામણ.

કવિતાની સમજુતી. (૧)

અન્વય—રે! ખેડુત તું ખરે, જગતનો તાત ગણાયો (છે અને) તુંજ આ સઘળો સંસાર પાળતો જણાયો છે.

અર્થ—અરે ખેતી કરનાર તું ખરેખર જગતનો બાપ ગણાયો છે અને આ બધા જગતનું ભરણ પોષણ કરનાર તુંજ જણાય છે.

(૨)

અન્વય—તું કપાસ, ફળ, ફુલ, ઘાસ (અને) ધાન્યને નીપજાવે (છે તોજ) સહુ જીવ અન્ન ખાય (અને) જન ભાવે વસ્ત્રો ધરે.

અર્થ—કપાસ, ફળ, ફુલ, ઘાસ ને અનાજ તુંજ ઉત્પન્ન કરે છે, બધાં પ્રાણીઓ અનાજ ખાય છે ને માણસો ખુશાથી કપડાં પહેરેછે.

(૩)

અન્વય—(તું) તાપ, વરસાદ સહે (અને) વળી બહુ મહેનત કરતો (હોવાથી) શરીરે લઠ રહે (અને) સદા સંતોષે ફરતો ફરેછે.

અર્થ—તું વરસાદ, ટાઢને તડકો વેઠે છે ને વળી બહુ મહેનત કરે છે. તેથી શરીરે ઘણો બળવાળો રહેછે અને હમેશાં સંતોષથી ફરેછે.

(૪)

અન્વય—ખરે ઉત્તમ ખેતી વળી તે પર ઉપકારી (છે તે કરીને) તું ખરી ખંતથી જગતને સારી શીખ દીએ (છે.)

અર્થ—તું વળી જેથી પારકાના ઉપર ઉપકાર થાય એવી સારી જે ખેતી તે કરીને ખરેખર તું હોંશથી બધી દુનિયાને સારી શીખામણ આપે છે કે તમે બીજાના ઉપર ઉપકાર કરનાર થાઓ.

પાઠ ૪૯ મો.

ડાંગર-ભાત.
ટાંકણુ-વખતે, ટાણુ.
ક્યારડા-ડાંગર પાકવાનું
ખેતર.
રોપી વાવી.
ફરતી-ચારે તરફ.
લીલાછમ-ઘણાજ લીલા
ઝપાટો-સપાટો.
ઝીલવો-વેઠવો, ખમવો.
સદા-હમેશાં.
ખળી-ઘાસથી અનાજ
છુટું પાડવાની જગા.
છુટા-જુદા.
ભરડી-કચડી.

પાઠ ૫૦ મો.

ખાતર-ઘાસ છાણુ વ-
ગેરે કોહેલો કચરો.
પીત-વાવેતર.
ડુક્કર-ભુંડ.
પડછા-પાંદડાં, તોગા.
તરકારી-શાક.
પાકટ-પાકી.
વેંત-બાર આંગળ.
તાવડા-કઢાઈ. [સંચો.
કોલુ-શેરડી પીલવાનો.
સંબંધી-બાબત.
હકીકત-વાત.
પુષ્કળ-વધારે.
પેરના-કાતળીના.
અટકાવવાને-ખાળવાને.
પીલે-કચરે.
વારંવાર-વારે ઘડીએ.
છારી-પડ.
ઘટ-ઘાડો, જાડો.

પાઠ ૫૧ મો.

ઉજળો-સફેદ.
હિસાબ-લેખે.
સફેદી-ધોળાશ.
નકામાં-ફોકટ.
શેઠ-પૈસાદાર.
રસોઈ-જમવાનું.
તપેલી-પાતેલી.
ચડતા-રંધાતા.
તકરાર-કજીઆ.
ધીમાં-શાંત.
પચવું-હજમ થવું.
ભાવથી-હોંશથી. [લોટ.
કણક-ઘઉંનો બાંધેલો
આકાર-ઘાટ.
સરખાં-બરોબર.

પાઠ ૫૨ મો.

મધમાખ-મધ બનાવ-
નાર માખ. [ણુસ.
વાઘરી-પારધી, પાપી મા-
ઘરબાર-રહેવાનું ઠેકાણું.
રક્ષણ-સંભાળ.
મનહર-ખુશીથઇએએવું.
તત્કાળ-તરત.
લટકતો-ટીંગાતો.
કામળો-ધાબળો.
ધુણી-ધુમાડો.
બગાડ્યું-ખરાબ કર્યું.
ઇચ્છા-મરજી.
જન્મ-અવતાર.
ડંખ-આંકડો.
જંતુ-જીવડાં.
હુન્નર-કારીગરી.
રચે-બનાવે.
સરે-થાય.
અપાર-ઘણાં.
દીસે-જણાય.
તજે છોડીદે.
તમામ-બધાં.

કવિતાની સમજુતી. (૧).

અન્વય—(હે) મધમાખી તું મહેનતું (તારે ત્યાં) હુન્નર તણી નિશાળ (છે) મનહર મધપુડો રચે (અને) તત્કાળ રસ મૂકે.

અર્થ—હે મધ બનાવનારી માખી તું મહેનતુ છે તારે ત્યાં કારીગરીની નિશાળ છે, તું મનને આનંદ પમાડે તેવો મધપૂડો બનાવે છે અને તેમાં તરત રસ મૂકે છે.

(૨)

અન્વય—મીઠું મધ ચૂસી લઈ મીણ તેયાર કરે તેથી ઘણાં કામ સરે (અને) તે અપાર ગુણ કરે.

અર્થ—મીઠું મધ ચૂસી લઈને મીણ બનાવેછે, તેથી ઘણાં કામ થાય છે અને તે ઘણા ગુણ કરે છે.

(૩)

અન્વય—(તુ) નાનું સરખું જીવડું (છતાં) મોટું કામ કરતુ (જણાયછે, અને) ડાહીને ચોકખી દીસે (છે તેથી) તમામ આળસ તજે

અર્થ—તું નાનું સરખું જીવડું છે પણ મોટું કામ કરેછે વળી ડાહીને ચોખ્ખી દેખાય છે. તેનો દાખલો લઈને બધા સમજુ માણસો આળસ છોડી દે છે.

(૪)

અન્વય—કીડી કરોળીઆ અને મંકોડા (વગેરે) જે (ઉદ્યોગી જીવડાં) કહેવાય (છે) તેમાં તું પંકાય (છે.)

અર્થ—કીડી, કરોળીઓ ને મંકોડા વગેરે જે ઉદ્યોગી જીવડાં કહેવાય છે તેમાં તું વખણાય છે.

પાઠ ૫૩ મો.
ચીકટ—ચીકાસ.
માંજર—મરઘાના માથા ઉપરની ઝુલ.
કુકરે કુક—મરઘાનો અવાજ.

કુકડો–મરઘો.
ઉકરડા–છાણ મુતરનો ઢગલો.
શેખ-મુસલમાનની જાત.
ભિંજાતું–પલળતું.
જીવડાં–જંતુઓ.
સાફ–ચોકખા.
ખડખડે–અવાજ થાય.
બીકણ–ડરકણ, નરમ.
છેડવા–હરકત કરવા,અકડવા.
ધસીને–જોરથી.
દીપે-શોભે.
ખોતરવાની–ખણવાની.
ટેવ–આદત.

પાઠ ૫૪ મો.

ચકલી- ચલી.
વસ્તુ–ચીજ.
કાબરી–અટપટારંગની.
રઝળી રખડી.
તણખલાં–તરણાં.
તડકે–તાપે.
વાર–વખત.
મજબૂત–જોરથી.
લગી–સુધી.
નુકશાન-બગાડ.
ભો–બીક.
લાગફાવે–દાવ આવે.
ઓછો–થોડા.

પાઠ ૫૫ મો.

કેશવાળી – ગરદનપરના વાળ.
પ્રીતિ–હેત.
દાબડા–ઘોડાના પગનું તળીઉં.
પાણીદાર–તેજદાર.
ટટ્ટી–ઘોડાને કુદાવતી વખતે આડો પડદો રાખેછે તે. [વાળા.
અણીદાર–ઝીણી ધાર-
નીમકહલાલ–ખાધેલું હક કરનાર, પ્રમાણિક
સવારી–ઘોડા ઉપર બેસવું તે.
દેખાવ–જોવામાં આવે છે તે.
ગરદન–ડોક.
જાંઘ-સાથળ.
નક્કર–પોલો નહિ તે.
ઝપાટાબંધ–જોશ ભેર.
તીણા–અણીદાર.
ભુસુ–અનાજનાં છોતરાં.
ઝડપથી–ઉતાવળથી.
મજલ–છેટું, પલ્લો.
ચમકે–ભડકે.
શરત–હોડ.
જીન–ઘોડાનો સામાન.
બરદાસ–ચાકરી.

લગભગ–આશરે.

પાઠ ૫૬ મો.

નાળબંધ–ઘોડાની નાળ જડનાર.
અડીઅલ-અટકીજનારૂં.
ટટ્ટુ–નાનું ઘોડું.
કહ્યાગરૂં–કહેલું કરનાર.
ખચ્ચર–આગળનો ભાગ ગધેડાનોને પુંછડેથી ઘોડા જેવો.
હાજર–સમક્ષ, પાસે.
ફેર–તફાવત, ફરક.
જુમખો–લુમખો.
ભાર–બોજો.
વલ્યાં–ખેંચ્યાં.
ઠોઠ મુરખ.
બને–થાય.
ધીરજવાળું-હીંમતવાન.
ચાલાક–હોશીઆર.
તબેલો–ઘોડા બાંધવાની જગા.

પાઠ ૫૭ મો.

ગોકળગાય–એક જાતનું લાલ જીવડું.
તાળવું–તાલુ, ખોપરી.
ઢીંચણ–ઘુંટણ, ગોઠણ.
હડપચી–દાઢી
તફાવત–ફરક.
પોપચાં–આંખનું ઢાંકણ.

નજર- સરત.
ભવાં-ભમર.
રજ-ધુળ, કરતર.
ખાળે-સ્પષ્ટ કાંતે.
વાનાં-બાબત.
બોચા-ગરદન.
મેર-બાજુ.
ગાળે-ભાગે.
કેડ-કમર.
વાંસો-બરડો.

પાઠ ૫૮ મો.

ઇંદ્રિયો-શરીરના ભાગ, (આંખ, નાક, જીભ, કાન. ચામડી.)
સ્વાદ-લહેજત.
ધબાકો-અવાજ.
સુંઘી-સોરમ લઈ.
આકાર-ઘાટ.
વાસ-સોરમ, સુગંધ.
ખબર પડે-માલમ પડે.
વડે-થી.
મજાની-ઘણી મોઠી.
ફીકર-ચિંતા.
જ્ઞાન-સમજણ.

પાઠ ૫૯ મો.

રંગરેજ- કપડાં રંગનાર.
સાલ્લા સાળુ, સાડી.
છુટ્ટી- રજા.
કીરમજી-એક જાતનો રંગ.
વેરા-મેલા.
ખુલતા-બહાર પડતા.
ઝાંખા-આછા.
સેલા ફેંપટા.
ગમે તેવા-મરજીમાં આવે તેવા.

પાઠ ૬૦ મો.

બનાત-એક જાતનું ગરમ કપડું.
બાસ્તો-સુતરાઉ કપડું
ઢાંકણુ-ઢાંકણું.
ફલાલીન-ગરમ કપડું.
જામદાની-ઝીણામા ઝીણું કપડું.
રૂવાંટી ઝીણાવાળ.
દોશી વાણીઆ-કાપડના વેપારી.
બીંગડા-પડ.
ધ્રુજે થરથરે.
વાતી-લાગતી.
સિવાય-વગર.
તાપ તડકો.
ખાદી-ગજ પનાનું દેશી જાડું કપડું.
ગરજ-જરૂર.
સારછે-પુરા પાડછે.

સમાપ્ત.

દરેક પાઠમાં આવેલા જોડાક્ષરો.

પરમેશ્વરે	પુષ્કળ	આણ્યું	જંત્ર
વટેમાર્ગુ	રસ્તામાં	ભીડ્યો	દર્પણ
ભક્તિ	દોસ્ત	યત્ન	ઇચ્છા
ધર્મશાળા	ફક્કડ	ચકલિલ્લુ	ધર્યા
પૃથ્વી	સજ્જડ	કચ્છ	માર્યો
બનાવ્યો	પ્રેમ	ચક્કર	બાંધ્યો
બાંધ્યું	મળ્યું	પકડ્યા	મંગાવ્યા
આવ્યો	કહ્યું	દૃઢ	વિચાર્યું
ચંદ્રમા	ભાગ્યશાળી	ક્ષુદ્રી	બ્રાહ્મણ
સરજ્યું	વિદ્યા	મિત્ર	ગુસ્સો
વર્ણન	મસ્તી	અત્રું	વિદ્યાર્થી
ભ્રમર	પડ્યો	સ્વાદે	મૂર્ખ
મુક્ષાં	પહોંચાડ્યો	ધાન્ય	પુત્ર
પૂર્વે	સમજ્યો	નીકળ્યો	ઈશ્વર
પડ્યું	જક્કી	ચાલ્યો	ફુળવ્યો
પત્ર	ખરચ્યું	દોડ્યો	સ્ટેશન
ધ્યાન	પ્રાણી	જણાવ્યો	ગાર્ડ
શ્રાવણ	અજાણ્યું	ક્લેશ	વચ્ચે
વસ્ત્ર	માંડ્યું	કદ્દા	ચઢાવ્યો
ત્રીશ	પસ્તાયો	રામચંદ્રજી	માન્યો
કાઢ્યા	મુદ્દલ	શ્રીરામ	ખવરાવ્યા
દ્રાક્ષ	ગમ્યું	કૌશલ્યા	ઓઢ્યો
લક્કડ	ફરડ્યો	પ્રધાન	ચોક્ખું

ચઢયા	ફાડયું	શીખ્યો	નિકળ્યું
પહોંચ્યા	લશ્કર	મુકાવ્યું	લાવ્યો
જડયું	નાંખ્યું	પ્રમાણે	ઊગ્યું
ગુમાવ્યું	ફુલાવ્યું	બોલ્યો	ગુચ્છો
ઉંચકયાથી	ગમ્યો	કયારડા	ત્યારે
પૂછયા	ભૂલ્યો.	વર્ગ	ઈબ્રાહીમ
ડર્યા	ધ્રુજતો	ચઢયા	લઠ્ઠ
નિહાળ્યું	પહેર્યાં	ઈશ્વરલાલ	વસ્ત્રો
રડયો	રાખ્યું	બતાવ્યું	ઉત્તમ
વેચ્યો	સ્ત્રી	બંદોબસ્ત	બનાવ્યું
લજવ્યું	વરસ્યા	દાક્તર	અન્ન
વળ્યું	સૂર્ય	ગમ્યું	પાકયા
બચાવ્યું	પલ્લવ	કર્યાં	કુક્કર
ભુખ્યું	સ્હાય	ખડયું	લાગ્યાં
માંડયું	વનસ્પતિ	બોલાવ્યા	રક્ષણ
દાઝયું	સ્વાદે	લક્ષ્મણ	તત્કાળ
રડયું ખડયું	પશ્ચિમ	રહ્યો	બગાડયું
આણ્યો	દક્ષિણ	સર્વે	હુન્નર
આપકર્મી	વસ્તુ	પડયાં	ઉદ્યોગી
બાપકર્મી	માસ્તર	નિર્દય	બચ્યાં
પ્રાર્થના	સ્લેટ	જન્મ	વસ્તુ
તીર્થ	વિનયા	છિદ્રો	નાખ્યા
દુશ્મન	બોલ્યો	પિત્તળ	પ્રીતિ
સાંખ્યું	મધ્ય	સિક્કા	ટટ્ટી
પરણાવ્યો	મૂક્યું	અત્તર	ટટ્ટુ

સરકારી પ્રાથમિક શાળામાં ચાલતો

ગુજરાતી દેશી હિસાબ.

ભાગ ૧ લો.

કીમત ૧ા (સવા) આનો.

ગુ. બાળ પોથીના અર્થ.	૦-૨-૦	ગુ. છઠ્ઠીના અર્થ ...	
ગુ. પહેલીના અર્થ ...	૦-૨-૦	ગુ. સાતમીના ,, ...	
ગુ. બીજીના ,, ...	૦-૩-૦	સેહેલગણીત	
ગુ. ત્રીજીના ,, ...	૦-૪-૦	છેલની વારતા	
ગુ. ચોથીના ,, ...	૦-૫-૦	બદીયલની વારતા ...	
ગુ. પાંચમીના ,, ...	૦-૬-૦	ભાગવતસાર	૦-૧૨-૦

ઉપરના પુસ્તકો લેનારને ઘણીજ સારી રીતે કમીશન આપવામાં આવશે.

એશિવાય બધી જાતનાં ગુજરાતી પુસ્તકો મળશે.

મળવાનાં ઠેકાણાં

મુંબઈ—ડાહ્યાભાઈ જગજીવનદાસ ઠે. ભૂલેશ્વર આગળ શીઃ ગીના દેવળ પાછળ, માવજી નેરામના માળામાં.

,, **એન. ડી. મેહેતાની કું.** બુકસેલર કાલકાદેવીના રસ્તાપ પોષ્ટ ઑફીસની સામાં.

મુંબઈ—ખેતવાડી બ્યાકરોડ ઘર નં. ૧-૨ અને ૩ અહીંઆ "તત્વવિવેચક" છાપખાનામાં શા. ભીવાજી હરી શિંદેએ છાપ્યું. તે ડાહ્યાભાઇ જગજીવનદાસ એઓએ કંપેડૂલ સ્ટ્રીટ, ઘર નં. ૪ મધ્યે પ્રગટ કર્યું છે.